પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૫૯ | ૧૯ ઓગસ્ટ, ૨૦૨૧, ગુરૂવાર; શ્રાવણ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અફઘાનમાં અરાજકતા

## અફઘાનિસ્તાનનો ધ્વજ ફરકાવવા બદલ ત્રણ ઠાર

**સમગ્ર અફઘાનિસ્તાનમાં પગપેસારો કરતા તાલિબાન : તાલિબાનને સ્થાનિકો દ્વારા બગાવતનો સામનો કરવો પડી રહ્યો છે, લોકો તાલિબાન સામે અવાજ ઊઠાવી રહ્યા છે**



કાબુલ, તા.૧૮

કાબુલ પર કબ્જા બાદ હવે તાલિબાન સમગ્ર અફઘાનિસ્તાનમાં ફેલાયુ છે. જોકે આ દરમિયાન તેમને કેટલાક અફઘાની નાગરિકોની બગાવતનો સામનો પણ કરવો પડી રહ્યો છે.

તાજેતરમાં જ અફઘાનિસ્તાનનો ધ્વજ ફરકાવવા પર તાલિબાને ત્રણ લોકોની ગોળી મારીને હત્યા કરી દીધી છે. આ સિવાય હવે અફઘાની સેના અને સરકારે ઝૂક્યા બાદ અફઘાની નાગરિકોએ તાલિબાન વિરૂદ્ધ અવાજ ઉઠાવવાની જવાબદારી ઉઠાવી છે. જાણકારી અનુસાર અફઘાની નાગરિકોએ જલાલાબાદના રસ્તા પર ધ્વજ લઈને માર્ચ કાઢી હતી પરંતુ તાલિબાનના કબ્જાવાળા આ વિસ્તારમાં તેમને આવુ કરવુ ભારે પડી ગયુ. જે બાદ તાલિબાની લડવૈયાઓએ સામાન્ય નાગરિકો પર ફાયરીંગ શરૂ કરી દીધુ. આ ફાયરીંગમાં ત્રણ અફઘાની નાગરિકોના મોત થઈ ગયા છે.

એક ન્યુઝ અનુસાર તાજિકિસ્તાન સ્થિત અફઘાની દૂતાવાસે ઈન્ટરપોલ પોલીસને રાષ્ટ્રપતિ અશરફ ગનીની ધરપકડ કરવાની અપીલ કરી છે. આ સિવાય હમદલ્લા મોહિબ અને ફજલ મહેમૂદ ફજલીએ પણ ધરપકડમાં લેવાનુ કહ્યુ છે, આ ત્રણેય નેતાઓ પર અફઘાની

● અનુસંધાન પાન-૭ પર

## ગનીએ યૂએઈની રાજધાની અબુધાબીમાં શરણ લીધું

**તાલિબાનના કબજા બાદ પૂર્વ રાષ્ટ્રપતિ દેશ છોડી ગયા : રશિયન મીડિયાના અહેવાલ મુજબ ગની હેલિકોપ્ટરમાં રોકડ સાથે લઈ ગયા, ન આવ્યા તે રન-વે પર છોડી ગયા**

કાબુલ, તા.૧૮

અફઘાનિસ્તાન પર તાલીબાનના કબજા બાદ પૂર્વ રાષ્ટ્રપતિ અશરફ ગની દેશ છોડીને ભાગી ગયા છે. પરંતુ સૌથી મોટો સવાલ છે કે ગની ક્યાં છે? પહેલા તેઓ તઝાકિસ્તાનથી ઓમાન જવાની વાત થઈ રહી હતી. પરંતુ ખરેખર તેઓ ક્યાં છે તેની જાણકારી સૂત્રોએ આપી છે.



સૂત્રો પ્રમાણે અશરફ ગનીએ હવે યૂએઈની રાજધાની અબુધાબીમાં શરણ લીધું છે. તે અબુધાબીમાં રહેશે. આ પહેલા રશિયાના સરકારી મીડિયાએ દાવો કર્યો હતો કે અફઘાનિસ્તાનથી ભાગતા રાષ્ટ્રપતિ અશરફ ગનીએ પોતાના હેલિકોપ્ટરમાં રોકડ રૂપિયા ભર્યા હતા. પરંતુ જગ્યાની કમીને કારણે તેઓ નોટોથી ભરેલી કેટલીક બેગો રનવે પર છોડી ગયા હતા. રશિયાના સત્તાવાર મીડિયાએ સોમવારે આ દાવો કર્યો હતો. આ વચ્ચે ટોલો ન્યૂઝે જાણકારી આપી છે કે તાલીબાનના રાજકીય કાર્યાલયના સભ્ય અનસ હક્કાનીએ આજે કાબુલમાં અફઘાનિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિ હામિદ કરઝઈ અને અબ્દુલ્લા અબ્દુલ્લા સાથે મુલાકાત કરી છે.

અફઘાનિસ્તાન પર તાલીબાનના કબજા બાદ અશરફ ગનીએ અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ પદથી રાજીનામુ આપી દીધુ હતું. તેમણે સ્પુતનિક એજન્સી સાથે વાત કરતા જણાવ્યું હતુ કે મેં હિંસા રોકવા માટે આ નિર્ણય લીધો. પાછલા રવિવારે તેઓ દેશ છોડી ભાગી ગયા હતા. તો મંગળવારે અફઘાનિસ્તાનના પહેલા ઉપરાષ્ટ્રપતિ અમરુલ્લા સાલેહે જાહેરાત કરી હતી કે તે દેશમાં જ છે અને કાર્યવાહક રાષ્ટ્રપતિ છે.

## બીજા ડોઝના છ માસ બાદ ત્રીજો ડોઝ લેવો જરૂરી છે : પૂનાવાલા

**જે લોકોની રોગપ્રતિકારક શક્તિ નબળી છે તેમણે ત્રીજો ડોઝ ન ટાળવાની વેક્સિન ઉત્પાદક સીરમ કંપનીના વડા સાયરસ પૂનાવાલાની સલાહ**

પુણે, તા.૧૮

વેક્સિનની સૌથી મોટી ઉત્પાદક સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના ચેરમેન સાયરસ પુનાવાલાએ જઆવ્યું છે કે વેક્સિનનો બીજો ડોઝ લીધાના છ મહિના બાદ ત્રીજો ડોઝ લેવો જરુરી છે. ખાસ કરીને જે લોકોની રોગપ્રતિકારક શક્તિ નબળી છે તેમણે ત્રીજો ડોઝ લેવાનું ટાળવું ના જોઈએ. તેમણે એમ પણ કહ્યું હતું કે તેઓ પોતે તેમજ સિરમના સાત હજાર કર્મચારીઓએ કોવિશિલ્ડનો ત્રીજો ડોઝ લઈ ચૂક્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## શશિ થરૂર નિર્દોષ જાહેર

નવી દિલ્હી, તા.૧૮

દિલ્હીની એક અદાલતે કોંગ્રેસ નેતા શશિ થરુરને મોટી રાહત આપી છે. સુનંદા પુષ્કરના મૃત્યુને લગતા કેસમાં થરુરને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે ૧૭ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ દિલ્હીની એક હોટલમાંથી સુનંદા પુષ્કરનો મૃતદેહ મળ્યો હતો. દિલ્હી પોલીસ અનુસાર, આ કેસમાં સુનંદાના પતિ શશિ થરુર મુખ્ય આરોપી છે. થરુર અત્યાર સુધી આ કેસમાં જામીન પર હતા. શશિ થરુર વિરુદ્ધ દિલ્હી પોલીસે આઈપીસીની કલમ ૪૯૮એ અને ૩૦૬ અંતર્ગત ચાર્જશીટ દાખલ કરી હતી. આ ચુકાદા પછી કોર્ટનો આભાર વ્યક્ત કરતાં થરુરે કહ્યું કે, આ સાડા સાત વર્ષ તેમના માટે એક ટોર્ચર સમાન હતા. દિલ્હીની વિશેષ અદાલતમાં થરુર વિરુદ્ધ આરોપ નક્કી કરવાનો આદેશ ગત્ત માહમાં પાંચમી વાર ટાળવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

"જ્યોતિર્મય પરિસર" ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ, એસ. જી. હાઈવે, છારોડી, અમદાવાદ - 382 481

E-mail : baou.admission@baou.edu.in; Website : www.baou.edu.in | Toll Free No. : 1800 233 1020

**પ્રવેશ જાહેરાત**

**જુલાઈ-2021 સત્ર માટેના ઓનલાઈન પ્રવેશ શરૂ**

**સ્નાતક અભ્યાસક્રમ**
બેચલર ઑફ આર્ટ્સ (B.A.)
● ગુજરાતી ● હિન્દી ● સંસ્કૃત ● અંગ્રેજી ● ઈતિહાસ ● અર્થશાસ્ત્ર ● રાજ્યશાસ્ત્ર ● સમાજશાસ્ત્ર ● જાહેર વહીવટ
બેચલર ઑફ કૉમર્સ (B.Com.)
બેચલર ઑફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ (BLIS)

**અનુસ્નાતક અભ્યાસક્રમ**
માસ્ટર ઑફ આર્ટ્સ: (M.A.)
• ગુજરાતી • અંગ્રેજી • હિન્દી • સમાજશાસ્ત્ર
માસ્ટર ઑફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ (MLIS)

**પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા અભ્યાસક્રમ**
પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન સાયબર સિક્યોરિટી (PGDCS)
પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન સાયબર લૉ (PGDCL)
પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન મોબાઈલ એપ્લિકેશન (PGDMAD)
પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન ડિસ્ટન્સ એજ્યુકેશન (PGDDE)

**વિવિધ ડિપ્લોમા તથા સર્ટિફિકેટ અભ્યાસક્રમો**

**યુ.જી.સી. માન્ય Ph.D. અભ્યાસક્રમ**

**નવા શરૂ થયેલ અભ્યાસક્રમ**
માસ્ટર ઑફ કૉમર્સ (M.Com.)
માસ્ટર ઑફ આર્ટ્સ - જર્નાલિઝમ એન્ડ માસ કૉમ્યુનિકેશન MA(JMC)
માસ્ટર ઑફ સાયન્સ - ઈન્ફર્મેશન ટૅકનૉલૉજી (M.Sc-IT)
માસ્ટર ઑફ સાયન્સ - સાયબર સિક્યોરિટી (M.Sc.-CS)
બૅચલર ઑફ સોશિયલ વર્ક (BSW)
બૅચલર ઑફ સાયન્સ - ઈન્ફર્મેશન ટૅકનૉલૉજી (B.Sc-HIT)
સર્ટિફિકેટ ઈન ઈન્ડિયન પોએટિક્સ (CIP)

**સરકારી નોકરી મેળવવા માટે માન્ય કમ્પ્યૂટર અભ્યાસક્રમ**
Certificate in Computer Concepts (CCC-BAOU)
(છ માસનો કમ્પ્યૂટર પ્રમાણપત્ર અભ્યાસક્રમ)

**સરકારી કર્મચારીઓ માટે બઢતી તથા ઉચ્ચતર પગારધોરણ માટેના સરકાર માન્ય અભ્યાસક્રમ**
CCC (વર્ગ-3 કર્મચારીઓ માટે)
CCC+ (વર્ગ-1 અને વર્ગ-2 કર્મચારીઓ માટે)

**વૉકેશનલ ઍન્ડ પ્રોફેશનલ અભ્યાસક્રમો**
**ડિપ્લોમા અભ્યાસક્રમ**
ડિપ્લોમા ઈન બિઝનેસ ઍડ્મિનિસ્ટ્રેશન (DBA)
ડિપ્લોમા ઈન કમ્પ્યૂટર ઍપ્લિકેશન (DCA)
ડિપ્લોમા ઈન હૉસ્પિટાલિટી એન્ડ ટૂરિઝમ મૅનેજમેન્ટ (DHTM)
**પોસ્ટ ગ્રૅજ્યુએટ ડિપ્લોમા અભ્યાસક્રમ**
પોસ્ટ ગ્રૅજ્યુએટ ડિપ્લોમા ઈન બિઝનેસ ઍડમિનિસ્ટ્રેશન (PGDBA)
પોસ્ટ ગ્રૅજ્યુએટ ડિપ્લોમા ઈન ફાઈનાન્સ (PGDF)
પોસ્ટ ગ્રૅજ્યુએટ ડિપ્લોમા ઈન માર્કેટિંગ (PGDM)
પોસ્ટ ગ્રૅજ્યુએટ ડિપ્લોમા ઈન હ્યુમન રિસોર્સ (PGDHR)
પોસ્ટ ગ્રૅજ્યુએટ ડિપ્લોમા ઈન કમ્પ્યૂટર ઍપ્લિકેશન (PGDCA)
**સ્નાતક અભ્યાસક્રમ**
બૅચલર ઑફ કમ્પ્યૂટર ઍપ્લિકેશન (BCA)
બૅચલર ઑફ કમ્પ્યૂટર ઍપ્લિકેશન (મલ્ટીમીડિયા)(BCAMUL)
બૅચલર ઑફ બિઝનેસ ઍડ્મિનિસ્ટ્રેશન (BBA)
બૅચલર ઑફ બિઝનેસ ઍડ્મિનિસ્ટ્રેશન (એર ટ્રાવેલ મૅનેજમેન્ટ)(BBAAT)
**અનુસ્નાતક અભ્યાસક્રમ**
માસ્ટર ઑફ સોશિયલ વર્ક (MSW)

**સહાય સેવાઓ**
શહીદ વીરવધૂ તથા તેમના સંતાનો માટે વિનામૂલ્યે શિક્ષણ
જેલના કેદીઓ માટે વિનામૂલ્યે શિક્ષણ
ટ્રાન્સજેન્ડર (શિષ્યવૃત્તિની વ્યવસ્થા)
દિવ્યાંગ (સુલભ શિક્ષણ વ્યવસ્થા)
અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થી ક્રેડિટ ટ્રાન્સફર દ્વારા SY/TY-UG/PGમાં પ્રવેશની સુવિધા.

**કોવિડ-૧૯ મહામારીમાં**
જેઓએ માતા-પિતા ગુમાવ્યા હોય/ઘરમાંથી એકમાત્ર રોજીરોટી કમાનાર પુરુષ તરીકે પિતા/પતિ કે દીકરો ગુમાવ્યા હોય/ઘરમાં કોઈ પણ રોજીરોટી કમાનાર વ્યક્તિ રહ્યું ન હોય તેવા સંજોગોમાં કોઈ પણ વિદ્યાર્થી માટે કોઈ પણ અભ્યાસક્રમમાં જુલાઈ-૨૦૨૧ પ્રવેશ સત્રમાં વિનામૂલ્યે પ્રવેશ.

Contact Details for Regular Courses : Ph.+91 79 29796223 / +91 2717 297170 | Email : admission.info@baou.edu.in
Contact Details for Vocational & Professional Courses : Mo. 99784 08584, 90999 94484 | Email : kmro@baou.edu.in

યુનિવર્સિટીની વેબસાઈટ પરથી રજીસ્ટ્રેશન માટે E-Pin મેળવ્યા બાદ વિવિધ અભ્યાસક્રમો માટે ઓનલાઈન પ્રવેશફોર્મ ભરી શકશે.
E-Pin રજીસ્ટ્રેશન ફી રેગ્યુલર કોર્સ : રૂા.૧૦૦/- | વૉકેશનલ એન્ડ પ્રોફેશનલ કોર્સ : રૂા.૩૦૦/-
(આ સિવાય પ્રવેશફોર્મ ભરવા માટે અલગથી કોઈ પણ પ્રકારની ફી લેવામાં આવતી નથી)

પ્રવેશ સંબંધિત અન્ય સૂચના અને માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર ઉપલબ્ધ છે.

તા.19/08/2021 કા. કુલસચિવ

**પંજાબ હુંડાઈ ઉજવી રહ્યું છે**

**ફ્રીડમ ડ્રાઈવ કેમ્પ**

તારીખ : 14 થી 21 ઓગસ્ટ-2021




પંજાબ હુંડાઈ દ્વારા અમારા માનવંતા ગ્રાહકોને મિકેનિકલ તેમજ લેબર ઉપર 15% ડિસ્કાઉન્ડનો લાભ મળશે જે ગ્રાહકે તેમની ગાડીને જાન્યુઆરી થી જૂન 2021માં સર્વિસ ન કરાવી હોય તથા RSA પર 20% સુધીનું ડિસ્કાઉન્ટ અને એક્સટેન્ડેડ વોરંટી પર 10% ડિસ્કાઉન્ટ (4th Year, 4th & 5th Year) *T&C

વધુ માહિતી માટે નીચે આપેલ આઉટલેટ પર કોલ કરો.

* T&C Apply

HYUNDAI

**PUNJAB HYUNDAI**

GANDHINAGAR : Plot No. 5101/502, GIDC, Gate-1, Sector-28. Ph. 98250 44192
KALOL : C-1130, GIDC Estate, Behind Aadhar Mall. Ph. 98250 77648
DEHGAM : Nr. Atithi Hotel, Opp. Shirwad Hospital. Ph. 98250 70206